# 6. શ્રી સમયસારજી—અવ્યક્તના છ બોલ

## અવ્યક્ત શુદ્ધાત્મા

શ્રી સમયસારજીની ગાથા ૪૯માં એવો પ્રશ્ન ઉઠ્યો છે કે અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક ટંકોત્કીર્ણ, પરમાર્થ જીવ કેવો છે? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે કે આત્માને 'અવ્યક્ત' જાણ.

ટીકાકાર ભગવાન અમૃતઆચાર્યદેવે અવ્યક્તને છ બોલથી સમજાવ્યો છે—જેમાં પૂજ્ય ગુરુદેવશ્રીને ઘણી ગંભીરતા લાગી અને તેનો દરરોજ સ્વાધ્યાય કરતા. પ્રવચનમાં તેને ખૂબ વિસ્તારથી સમજાવ્યા ત્યારે આપણે કાંઈક સમજી શકીએ છીએ—એ જ્ઞાનીઓનો જ પરમ ઉપકાર છે.

આત્મા વ્યક્ત અને પ્રગટ હોવા છતાં અજ્ઞાનીની દૃષ્ટિ અનાદિથી પરદ્રવ્યો અને પરભાવો ઉપર જ હોવાથી તેને અહીં વ્યક્ત કહ્યા છે અને દૃષ્ટિના વિષયભૂત આત્માને જાણ્યો નહીં હોવાથી અવ્યક્ત કહીને સમજાવ્યો છે.

બોલ—૧ : છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે :— સારાંશ : અનંત આકાશના મધ્યમાં સમુદ્રમાં બિંદુની જેમ માત્ર ૩૪૩ ઘનરાજુમાં પુરુષાકારે લોક છે, જેમાં છ દ્રવ્ય રહે છે. જીવ અનંત છે. પુદ્ગલ પરમાણુ અનંતાનંત છે.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોત પોતાના અસ્તિત્વમાં— સ્વ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવમાં—સ્વ દ્રવ્ય ગુણ પર્યાયમાં રહેલ છે. અત્યંત એકક્ષેત્રાવગાહે રહ્યા હોવા છતાં એકબીજાને સ્પર્શતા પણ નથી.



એક બીજાને કોઈ સંબંધ નથી. આવા આ વિશ્વમાં કોઈ એક જીવદ્રવ્ય(હું) જ્ઞાતા છું. મારો જ્ઞાનસ્વભાવ વિશિષ્ટ છે. જે પોતામાં રહીને પોતાને તથા સમસ્ત વિશ્વને—છ દ્રવ્યને પ્રકાશે છે. હું તેનાથી ભિન્ન વિશ્વના ઉપર તરતું સપ્તમ દ્રવ્ય છું.

(આધાર : શ્રી સમ્યગ્જ્ઞાન દીપિકા)

મારાથી ભિન્ન રહેલ દ્રવ્યો સાથે મારે સહજ જ્ઞેયજ્ઞાયક લક્ષણ સંબંધ જ છે તેથી તે જ્ઞેય છે અને વ્યક્ત છે. પોતાથી વિમુખ તથા પરની સન્મુખ થઈને જાણવાવાળું જ્ઞાન પણ પરજ્ઞેય છે. વળી જે જ્ઞાનપર્યાયમાં સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે એ પર્યાયરૂપે પણ નહીં થતો હોવાથી હું તેનાથી ભિન્ન અવ્યક્ત દ્રવ્ય છું—આમ જાણ એમ આચાર્ય કહે છે.

બોલ—૨ : કષાયોનો સમૂહ ભાવક-ભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે :—સારાંશ : પ્રથમ બોલમાં પરદ્રવ્યોથી ભિન્ન કરાવી હવે પોતાની પર્યાયમાં થતાં પરલક્ષી ભાવો—મોહ રાગ દ્વેષથી ભિન્નતા કરાવે છે. કષાયના ભાવો ચૈતન્યમય ભાવો નથી. પરંતુ દ્રવ્યકર્મરૂપી ભાવકમાં ઉદય થતાં રસના સંગે થતાં હોવાથી તે ભાવકના ભાવ છે, ચૈતન્યસ્વરૂપી મારા અસ્તિત્વથી ભિન્ન છે. જ્યાં સુધી જીવ પોતાના સ્વભાવને પરિપૂર્ણપણે અનુભવતો નથી, ત્યાં સુધી રાગાદિ પોતાની દશામાં રહે છે, પછી નીકળી જાય છે. માટે ચૈતન્યમય પરિણામ નથી પરંતુ કર્મના સંગે થતાં કર્મના પરિણામ છે.

આ રીતે રાગાદિ ભાવો જીવની પર્યાયમાં થતાં હોવાથી ચિદ્વિકારો હોવા છતાં શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરાવવા તે ભાવોને શ્રી સમયસારના જીવ-અજીવ અધિકારમાં અજીવ—

પુદ્ગલ, પુણ્ય-પાપ અધિકારમાં અજ્ઞાન તથા સંવર અધિકારમાં જડ કહ્યા છે—તે ભાવોથી ભિન્ન હું અવ્યક્ત દ્રવ્ય છું.

બોલ—૩ : ચિત્ સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે :—સારાંશ : પ્રથમ બે બોલમાં પરદ્રવ્યો અને પરભાવોથી ભેદજ્ઞાન કરાવી ઉત્તરોત્તર સૂક્ષ્મમાં લઈ જઈ સ્વભાવ સન્મુખ કરાવે છે.

અનાદિથી અત્યારસુધી મારામાં જેટલી પર્યાયો— દ્રવ્ય પર્યાયો તથા ગુણપર્યાયો—પ્રગટ થઈને વ્યય થઈ ગઈ તે બધી ત્રિકાળી દ્રવ્યમાં ભૂતકાળની યોગ્યતારૂપે નિમગ્ન છે. હવે પછી પ્રગટ થવાવાળી અનંત પર્યાયો ભવિષ્યની યોગ્યતારૂપે ક્રમબદ્ધ નિમગ્ન છે. વર્તમાન પર્યાય પ્રગટ છે તે આવા દ્રવ્યનો નિર્ણય કરે છે.

કાળના પ્રવાહ અનુસાર ભાવિની યોગ્યતાવાળી પર્યાયો સ્વકાળે દ્રવ્યમાંથી પ્રગટ થતી જાય છે અને બીજા સમયે વ્યય થઈને દ્રવ્યમાં ભૂતકાળની યોગ્યતારૂપે જતી જાય છે. આવી રીતે દ્રવ્યમાંથી પર્યાય આવે છે અને જાય છે એમ કહેવું તે વ્યવહાર છે.

ભવ્ય જીવોમાં-મારામાં-ભવિષ્યમાં પ્રગટ થવાવાળી અરિહંત તથા સિદ્ધની અનંતી પર્યાયો નિમગ્ન છે, જે દોડતો આયાતસામાન્યસમુદાય પ્રગટ થવા માટે ઉલ્લસી રહ્યો છે માટે એ રૂપે પોતાને ધ્યાવવું તે જૂઠું નથી પરંતુ ધ્યાવવા યોગ્ય છે.

(શ્રી તત્ત્વાનુશાસન ગાથા-૧૯૨)

ઉપરોક્ત ભૂત તથા ભવિષ્યની વર્તમાનમાં અક્રમે રહેલી નિમગ્ન પર્યાયોને દ્રવ્યાંતરની અપેક્ષા વગરની સ્વાભાવિક દ્રવ્યજ પર્યાય કહેવાય છે—જે પારિણામિકભાવરૂપે હોય છે. તદ્અનુસાર



વ્યક્ત થવાવાળી ઉત્પાદ-વ્યય પર્યાયને દ્રવ્યાંતરની અપેક્ષાવાળી વૈભાવિક પર્યાયો કહેવાય છે—જે ઔદયિક આદિ ચાર ભાવરૂપે હોય છે.

બોલ—૪ : ક્ષણિક વ્યક્તિ માત્ર નથી :— સારાંશ : ત્રીજા બોલમાં કહ્યું કે ભૂતકાળ તથા ભવિષ્યકાળની અનંતી પર્યાયો વર્તમાન વર્તતા દ્રવ્યમાં નિમગ્ન છે. આવા મહિમાવંત દ્રવ્યનો જ્યારે નિર્ણય થાય છે ત્યારે વર્તમાનમાં પ્રગટ થયેલી એક પર્યાયની દૃષ્ટિ છૂટી જાય છે, ભાવમાં સહેજે એમ ભાસે છે કે ક્ષણિક વ્યક્તિમાત્ર હું નથી.

ચૈતન્યના નુરનું પૂર, આનંદનો કંદ એવો આત્મા દ્રવ્યદૃષ્ટિએ તો અપરિણમનસ્વરૂપ છે. પરદ્રવ્યો તો દ્રવ્યમાં પ્રવેશતા નથી, પરના સંગે પ્રગટ થતાં રાગાદિ ભાવો, જેને બીજા બોલમાં ભાવકભાવ કહ્યા, તે પણ પ્રવેશતા નથી. અરે! શુદ્ધાત્મદ્રવ્યના અવલંબનથી પ્રગટતી શુદ્ધ પર્યાયો પણ ઉત્પાદવ્યય સ્વભાવવાળી હોવાથી ધ્રુવ સ્વભાવમાં ઉત્પન્ન થતી નથી, એવો ટંકોત્કીર્ણ ચૈતન્ય બિમ્બ હું છું.

દ્રવ્ય સત્ તથા પર્યાય સત્ (કથંચિત્) ભિન્ન છે. સ્વતંત્ર ષટ્કારકથી ઉત્પન્ન થતી ક્ષણિક પર્યાયરૂપે હું થતો નથી માટે અવ્યક્ત છું.

બોલ—૫ : વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યકતપણાને સ્પર્શતો નથી :— સારાંશ : આત્માનું જ્ઞાન આત્મદ્રવ્યના બંને અંશો-અપરિણામી દ્રવ્ય (અવ્યક્ત) તથા પર્યાય (વ્યક્ત)-ને જેમ છે તેમ જાણે છે. કેવી રીતે જાણે છે? દ્રવ્ય પર્યાયથી કથંચિત્ ભિન્ન છે તથા કથંચિત્ અભિન્ન છે એટલે કે ભેળાં મિશ્રિતરૂપે છે એમ જાણે છે. જ્ઞાનનો

સ્વભાવ અનેકાંતિક હોવાથી જ્ઞાન આત્મદ્રવ્યના કોઈપણ એક જ અંશને અથવા બન્ને અંશોને કોઈ પણ એક જ અપેક્ષાથી જાણે તો તે એકાંત છે—મિથ્યાજ્ઞાન છે.

આ રીતે જ્ઞાનમાં અનેકાંતપણું હોવા છતાં દૃષ્ટિનો સ્વભાવ એકાંતિક હોવાથી એકલા દ્રવ્યને જ સ્વીકારે છે અને જ્ઞાન તે જ સ્વભાવને મુખ્યપણે—ઉપાદેયપણે જાણતું હોવાના કારણથી દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી.

પ્રમાણજ્ઞાનના વિષયભૂત આત્મદ્રવ્યની મહાસત્તા એક હોવા છતાં નયોના વિષયભૂત દ્રવ્ય તથા પર્યાયરૂપ અંશોની અવાંતરસત્તા ભિન્ન હોવાથી તેઓના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પણ ભિન્ન છે તેમ જોઈ શકાય છે. આ રીતે જેમાં અહંપણું સ્થાપવાનું છે તેવું અપરિણામી—દૃષ્ટિના વિષયભૂત દ્રવ્ય, તેને જાણવાવાળી પર્યાયને પણ સ્પર્શતું નથી—એવું અવ્યક્ત દ્રવ્ય હું છે.

(શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ગાથા-૮)

<u>બોલ—૬ : પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે :</u>— સારાંશ : ત્રીજા, ચોથા બોલમાં દૃષ્ટિની મુખ્યતાથી વાત હતી. પાંચમાં બોલમાં જ્ઞાનના સ્વભાવની વાત હતી. અહીં બાહ્ય એટલે પર્યાય અને અભ્યંતર એટલે દ્રવ્યના અનુભવની એટલે કે ચારિત્રના સ્વભાવની વાત છે.

જ્યારે આત્મા આત્માને અનુભવે છે ત્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી દ્રવ્યનો અનુભવ છે એમ પણ કહેવાય પરંતુ ખરેખર પર્યાયનું જ વેદન હોવાથી પર્યાયનો અનુભવ છે. આ રીતે પર્યાયમાં અનાદિકાળથી નહીં આવેલ અતિન્દ્રિય આનંદનો આસ્વાદ આવતો હોવા છતાં જેમાંથી આવી અનંતપર્યાયો આવતી



જ જાય છે એવા અનંતગુણા મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણું રહે છે અને દ્રવ્યનો મહિમા છૂટતો નથી.

બીજું દ્રવ્યનો મહિમા ન છૂટવાનું કારણ તેમાં રહેલ અનંત શક્તિઓ તથા તેની સાથેની પૂજિત પંચમભાવની પરિણતિ-કારણશુદ્ધપર્યાય-છે, જેના કારણથી દ્રવ્યનું પરિપૂર્ણપણું ભાસે છે. ધ્રુવમાં ધ્રુવનો પ્રતિભાસ, ધ્રુવમાં ધ્રુવનો ભોગવટો-અભ્યંતર અનુભવ વર્તી રહ્યો છે. આ રીતે અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્માનો મહિમા ભાસતા બાહ્ય-વ્યક્ત અનુભવ પ્રત્યે પણ સહેજે ઉદાસીનપણું રહે છે.

(શ્રી નિયમસાર ગાથા-૧૧, ૯૭)

આ રીતે અવ્યક્તના બોલમાં દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય પરમ પારિણામિકભાવનું સ્વરૂપ બતાવ્યું છે.

જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનના વિષયનું સ્વરૂપ અલગ છે. ત્યાં તો સમસ્ત જ્ઞેય જેમાં જણાય છે તેવું પોતાનું 'જ્ઞાતૃતત્ત્વ' તથા તેમાં જણાતાં સમસ્ત 'જ્ઞેયતત્ત્વ'નું જેમ છે તેમ યથાર્થ શ્રદ્ધાન તેને સમ્યગ્દર્શન કહે છે.

(શ્રી પ્રવચનસાર ગાથા ૨૪૨)

પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજાવેલ અવ્યક્ત સ્વભાવનો અનુભવ કરી સ્વરૂપમાં જ સમાઈ જઈએ તે જ ભાવના.

— प्रस्तुति : भरतभाई शेठ, राजकोट